GJDH030010672024

ક્રિમિનલ કેસ નં. ૭૯૬/૨૦૨૪
શ્રી સરકાર
વિરુદ્ધ
હુસેનભાઇ કાળુભાઇ ઘાંચી

सत्यमेव जयते

**Form–A, R.179A of Cr. Manual**

મહેરબાન દેવગઢ બારીઆના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
શ્રી(એસ. આર. વકીલ) સાહેબની કોર્ટ સમક્ષ, મુ. દેવગઢ બારીઆ

આંક – ૪૨

| | | |
|---|---|---|
| ચુકાદાની તારીખ | : | ૨૩/૦૬/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | : | ૭૯૬/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન / એફ.આઈ.આર. નંબર | : | સાગટાળા પોલીસ સ્ટેશન<br>પાર્ટ એ ગુના રજી. નં. ૧૧૮૨૧૦૫૦૨૩૦૫૧૪/૨૦૨૩ |
| ગુનો | : | ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૪૨૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩,૧૮૧, ૧૯૬ મુજબ |
| ફરિયાદી | : | શ્રી સરકાર |
| ફરિયાદી તરફે | : | વિદ્વાન એ.પી.પી. શ્રી એસ. એમ. ડામોર |
| આરોપી | : | **હુસેનભાઇ કાળુભાઇ ઘાંચી,**<br>મુળ રહે. દેવગઢ બારીઆ, કાપડી, પટેલ ફળીયા, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ.<br>હાલ રહે. સીમળાઘસી, ટેકરી ફળીયા, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ. |
| આરોપી તરફે | : | વિદ્વાન વકીલ શ્રી બી. કે. રાણા |

**Form–B, R.179A of Cr. Manual**

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | ૨૭/૧૧/૨૦૨૩ |
| ફરિયાદની તારીખ | : | ૨૭/૧૧/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | : | ૦૩/૦૪/૨૦૨૪ |
| તહોમતનામુ/પ્લીની તારીખ | : | ૨૩/૦૮/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૨૩/૦૮/૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | ૨૩/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | : | ૨૩/૦૬/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તારીખ | : | લાગુ પડતું નથી. |

| | | |
|---|---|---|
| સમયગાળો | : | **૦૨ વર્ષ ૦૨ મહિના ૨૦ દિવસ** |

**:: આરોપીની વિગત ::**

| અનુ ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીર વાન કે નિર્દોષ | સજા | Cr.P.C. કલમ ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | હુસેનભાઇ કાળુભાઇ ઘાંચી | ૧૬/૧૨/૨૦૨૩ | ૧૬/૧૨/૨૦૨૩ | ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૪૨૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩,૧૮૧, ૧૯૬ મુજબ | નિર્દોષ | આખરી હુકમ મુજબ | નથી |

**Form-C, R.179A of Cr. Manual**

**:: ફરિયાદપક્ષે/બચાવ પક્ષે/કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ ::**

| (એ) ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદઃ- (સી. આર. પી. સી. કલમ ૨૪૬ મુજબ) | | | |
|---|---|---|---|
| **અનુક્રમ** | **આંક** | **નામ** | **સાહેદના પ્રકાર** |
| ૧ | ૧૦ | યુનુસભાઇ અહેમદભાઇ રલીયાની જુબાની | ફરિયાદી |
| ૨ | ૧૬ | રેખાબેન મિતેશભાઇ પટેલની જુબાની | સાહેદ |
| ૩ | ૧૮ | શૈલેષભાઇ નરવતભાઇ રાઠવાની જુબાની | પંચસાહેદ |
| ૪ | ૨૦ | અબ્દુરબ એહમદભાઇ જમનુની જુબાની | પંચસાહેદ |
| ૫ | ૨૨ | શકીલભાઇ હુસેનભાઇ આલમની જુબાની | પંચસાહેદ |
| ૬ | ૨૩ | અરવિંદભાઇ રયલાભાઇ રપાઠવાની જુબાની | પંચસાહેદ |
| ૭ | ૨૫ | શાન્તાબેન દીપસીંગભાઇ બારીઆની જુબાની | સાહેદ |
| ૮ | ૨૬ | દીપસીંગભાઇ શંકરભાઇ બારીઆની જુબાની | સાહેદ |
| ૯ | ૨૯ | સંગીતાબેન અજમભાઇ રાઠવાની જુબાની | સાહેદ |
| ૧૦ | ૪૧ | સંજયભાઇ સરતાનભાઇ બારીઆની જુબાની | ત.ક.અમલદાર |

| (બી) બચાવપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :– | | | |
|---|---|---|---|
| અનુક્રમ | આંક | નામ | સાહેદ ના પ્રકાર |
| –– | –– | –– | –– |

| (સી) કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :– | | | |
|---|---|---|---|
| અનુક્રમ | આંક | નામ | સાહેદ ના પ્રકાર |
| –– | –– | –– | –– |

**:: ફરિયાદપક્ષે/બચાવ પક્ષે/કોર્ટ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત ::**

| (એ) ફરિયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ : | | |
|---|---|---|
| **અનુક્રમ** | **આંક** | **દસ્તાવેજ ની વિગત** |
| ૦૧ | ૧૧ | ફરિયાદ |
| ૦૨ | ૧૯ | મરણ ગયેલ બે ગાયોનું પંચનામુ |
| ૦૩ | ૨૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૦૪ | ૩૦ | ઈજા પામનાર સાહેદ સંગીતાબેનનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૦૫ | ૩૧ | ઈજા પામનાર સાહેદ અરવિંદભાઈનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૦૬ | ૩૨ | ઈજા પામનાર સાહેદ દીપસીંગભાઈનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૦૭ | ૩૩ | ઈજા પામનાર સાહેદ શાંતાબેનનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૦૮ | ૩૪ | ઈજા પામનાર સાહેદ હુસેનભાઈનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૦૯ | ૩૫ | ઈજા પામનાર સાહેદ આસીકભાઈનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૦ | ૩૬ | ઈજા પામનાર સાહેદ વિક્રમભાઈનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૧ | ૩૭ | પી.એમ. રીપોર્ટ |
| ૧૨ | ૩૮ | પી.એમ. રીપોર્ટ |

| (બી) બચાવપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ : | | |
|---|---|---|
| **અનુક્રમ** | **આંક** | **દસ્તાવેજ ની વિગત** |
| – | –– | –– |

| (સી) કોર્ટ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ : | | |
|---|---|---|
| **અનુક્રમ** | **આંક** | **દસ્તાવેજ ની વિગત** |
| – | –– | –– |

**–//જજમેન્ટ//–**

(૦૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઇ તારીખ ૨૭/૧૧/૨૦૨૩ ના રોજ કલાક ૧૩:૦૦ વાગે મોજે ફાંગીયાથી ઝોઝ તરફ જતા રસ્તા ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની પીકઅપ ગાડી નં. જી.જે–૧૭–એકસએકસ–૨૨૭૩ ને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી તેની આગળ ચાલતી પીકઅપ ગાડીની ઓવરટેક કરવા જતાં બસ નં. જી.જે.–૧૮–ઝેડ–૩૯૨૦ ને ડ્રાયવર સાઇડના ભાગે અથડાવી દઇ પીકઅપ ગાડીમાં ભરેલ કુલ ૨ ગાયો મરણ જઇ નુકશાન કરી ગુનો કરેલ છે. જેથી આ કામના ફરિયાદીએ સદર બનાવ અંગેની ફરિયાદ સાગટાળા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ છે.

(૦૨) ફરિયાદીની સદર ફરિયાદ સાગટાળા પોલીસ સ્ટેશને પાર્ટ એ ગુના રજીસ્ટર નંબર ૧૧૮૨૧૦૫૦૨૩૦૫૧૪/૨૦૨૩ થી નોંધી આ ફરિયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીને તપાસ મળતા તપાસ કરનાર અમલદારશ્રીએ ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા ઈજા પામનાર સાહેદના મેડીકલ સર્ટીફીકેટ મેળવી લાગતા વળગતાં સાહેદોના નિવેદનો નોંધેલ તથા તપાસ કરીને તપાસના અંતે આરોપીની સામે ઇન્ડીયન પીનલ કોડ (જેને હવે ટુંકમાં ઇ.પી.કો તરીકે સંબોધેલ છે) ની કલમ–૨૭૯, ૪૨૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩,૧૮૧, ૧૯૬ મુજબના ગુના સબબના પુરતા પુરાવાઓ પડેલ હોય તે બદલનું ચાર્જશીટ ફાઇલ કરેલ છે.

(૦૩) આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઇલ થતા ગુનાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માટે સમન્સ કાઢવામાં આવતાં આરોપી તેના વિધ્વાન વકીલશ્રી મારફતે અત્રેની અદાલત રૂબરૂ ઉપસ્થિત થતા ક્રીમીનલ પ્રોસીજર કોડ (જેને હવે પછી ટુંકમાં ક્રિ.પ્રો.કોડ તરીકે સંબોધેલ છે) ની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મૂલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧, મુજબ આરોપીને તેઓની સામેનો ગુનો વાંચી સમજાવી સંભળાવીને આંક–૦૫ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે.

(૦૪) સદરસ કામે આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીએ પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે અને જણાવેલ છે કે તેઓની સામે ખોટો કેસ કરવામાં આવેલ છે. તેઓ નિર્દોષ છે અને છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૦૫) ફરિયાદપક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી. શ્રી એસ. એમ. ડામોર તથા આરોપી તર્ફે

વિંધ્વાન વકીલશ્રી દ્વારા કરવામા આવેલ દલીલો તથા રજૂ થયેલ પુરાવાઓ વંચાણે લેતા આ ફરિયાદનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે.

**-:: મુદ્દા ::-**

**૧.** શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઇ તારીખ ૨૭/૧૧/૨૦૨૩ ના રોજ કલાક ૧૩:૦૦ વાગે મોજે ફાંગીયાથી ઝોઝ તરફ જતા રસ્તા ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની પીકઅપ ગાડી નં. જી.જે-૧૭-એકસએકસ-૨૨૭૩ ને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી તેની આગળ ચાલતી પીકઅપ ગાડીની ઓવરટેક કરવા જતાં બસ નં. જી.જે.-૧૮-ઝેડ-૩૯૨૦ ને ડ્રાયવર સાઇડના ભાગે અથડાવી દઇ પીકઅપ ગાડીમાં ભરેલ કુલ ૨ ગાયો મરણ જઇ નુકશાન કરી ભારતીય દંડ સંહિતા અધિનિયમની કલમ-૨૭૯, ૪૨૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩,૧૮૧, ૧૯૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

**૨.** શું હુકમ?

(૦૬) ઉપરોકત મુદ્દાઓનાં મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**૧.** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

(૦૭) આ કામે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમની કલમ-૨૭૯, ૪૨૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩,૧૮૧, ૧૯૬ મુજબનો ગુનો આક્ષેપાયેલ છે. ફરિયાદ પક્ષે સદરહુ ગુનાઓ સાબિત કરવા માટે આ કામના આરોપીએ પોતાના કબજાની પીકઅપ ગાડી નં. જી.જે-૧૭-એકસએકસ-૨૨૭૩ ને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી તેની આગળ ચાલતી પીકઅપ ગાડીની ઓવરટેક કરવા જતાં બસ નં. જી.જે.-૧૮-ઝેડ-૩૯૨૦ ને ડ્રાયવર સાઇડના ભાગે અથડાવી દઇ પીકઅપ ગાડીમાં ભરેલ કુલ ૨ ગાયો મરણ જઇ નુકશાન કરેલ હોવાની હકિકત શંકાથી પર સાબિત કરવાની રહે છે. જે સાબિત કરવા માટે ફરિયાદ પક્ષે કુલ ૧૦ સાહેદોને તપાસેલા છે.

(૭.૧) સદર કામે આરોપી સામે આક્ષેપાયેલ ગુનો સાબિત કરવા માટે ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર કામે ગુનાવાળી જગ્યાના પંચસાહેદો તથા મરણ ગયેલ બે ગાયોનું પંચનામુ કરનાર પંચસાહેદો હોસ્ટાઇલ થયેલ છે. તેમજ સદર કામે આંક-૧૦ થી ફરિયાદી યુનુસભાઇ અહેમદભાઇ રલીયાનાઓને તપાસેલ

છે જેઓએ જણાવેલ છે કે એકાદ વર્ષ પહેલા તેઓ છોટા ઉદેપુર ડેપોની બસ નં. જી.જે.–૧૮–ઝે–૩૯૨૦ ની પેસન્જર ભરી તેઓની સાથેના કંડકટર સાથે દાહોદથી છોટા ઉદેપુર જવા નીકળેલા તે વખતે ૧૨:૩૦ની આસપાસ દિવ્યા ગામ પાસે જંગલ વિસ્તારમાં એક પીકઅપ ગાડીએ ફુલ સ્પીડમાં આવી વળાંકમાં તેઓ સાથે અકસ્માત કરેલ જેમાં તેઓનો ડ્રાયવર સાઇડનો આખો કાંચ તુટી ગયેલ અને બસની બ્રેક તુટી ગયેલ તેમજ કલચ ફેઇલ થઇ ગયેલ. આ અકસ્માતમાં કોઇને ઇજા થયેલ નથી અને પીકઅપ ગાડીમાં બે ગાયો હતી જે સ્થળ ઉપર મરણ ગયેલ અને અકસ્માત કરનાર પીક અપ ગાડીનો નંબર જણાવે છે પરંતુ તેના ચાલક વિષે કોઇ હકિકત જણાવતાં નથી. તેમજ સદર બનાવ બાબતે તેઓએ ફરિયાદ આપેલ હોવાનું જણાવે છે. જયારે સદર ફરિયાદી બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ તેઓની ઉલટ તપાસમાં એ હકિકત કબુ રાખે છે કે તેઓએ બનાવ સમયે અકસ્માત કરનાર પીકઅપ ગાડીના ચાલકને જોયેલ ન હોય તેને તેઓ ઓળખી શકે નહી. જયારે સદર કામે ફરિયાદ પક્ષે બસના કંડકટર એવા સાહેદ રેખાબેન મિતેશભાઇ પટેલનાઓને આંક–૧૬ થી તપાસેલ છે. જેઓ તેમના પુરાવામાં જણાવે છે કે તેઓ તા. ૨૮/૧૧/૨૦૨૩ ના રોજ યુનુસભાઇ સાથે દાહોદથી છોટા ઉદેપર જવા બસ નં. જી.જે.–૧૮–૩૯૨૦ લઇને જતાં હતાં અને ફાંગીયાથી આગળ એક પીકઅપ સાથે અકસ્માત થયેલ. તે દરમ્યાન તેઓ ટીકીટના કામમાં વ્યસ્ત હતાં. તેમજ અકસ્માતમાં તેઓની બસનો આગળનો કાંચ તુટી ગયેલ અને તેઓની બસ સાથે અકસ્માત કરનાર પીકઅપ ગાડીનો નં. ૨૨૭૩ નો હતો પરંતુ તેનો ચાલક કોણ હતો તે તેઓને ખબર નથી. જયારે સદર સાહેદ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકિકત કબુલ રાખે છે કે બનાવવાળી જગ્યા હાઇ વે રોડ છે અને તે રોડ ઉપર ઘણાં બધા વાહનો તથા માણસોની અવર જવર રહે છે અને બનાવ અચાનક બનેલ તેથી કેવી રીતે બનેલ તેની તેઓને ખબર નથી. જયારે સદર કામે આંક–૨૫ થી સાહેદ શાન્તાબેન દીપસીંગભાઇ બારીઆનાઓને તપાસેલ છે. જેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે બનાવવાળા દિવસે તેઓ તથા તેઓના પતિ બસમાં બેસી ખાંડણીયાથી કેવડી જતાં હતાં તે દરમ્યાન પીકઅપ ગાડી સાથે બસનો અકસ્માત થયેલ હોવાનું અને અકસ્માતમાં તેઓના પતિને તથા અન્ય પેસેન્જરોને ઇજા થયેલ હોવાની હકિકત જણાવેલ છે પરંતુ સદર અકસ્માત કેવી રીતે બનેલ તે અંગે તેઓને કોઇ જાતમાહિતી ન હોવાનું જણાવે છે. જયારે સદર કામે આંક–૨૬ થી સાહેદ દીપસીંગભાઇ શંકરભાઇ બારીઆનાઓને તપાસલે છે જેઓ તેમના પુરવામાં જણાવે છે કે બનાવવાળા દિવસે તેઓ અને તેમની પત્ની ખાંડણીયાથી કેવડી જતાં હતાં તે દરમ્યાન પીકઅપ ગાડી સાથે બસનો અકસ્માત થયેલ હોવાનું અને બસનો નંબર તથા પીકઅપ

ગાડીનો નંબર જણાવે છે. તેમજ અકસ્માતમાં તેઓને તથા અન્ય પેસેન્જરોને ઈજા થયેલ હોવાની હકિકત જણાવેલ છે પરંતુ સદર અકસ્માત કેવી રીતે બનેલ તે અંગે તેઓને કોઈ જાતમાહિતી ન હોવાનું જણાવે છે. તેમજ પીકઅપ ગાડીના ચાલકને તેઓ જોયેથી ઓળખી શકે નહી તેવું જણાવે છે. જયારે સદર સાહેદ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકિકત કબુલ રાખે છે કે સદર અકસ્માતનો બનાવ બસને બ્રેક ફેઈલ થતાં બનેલ તેમજ તેઓએ પીકઅપ ગાડીનો નંબર જોયેલ નહી. તેમજ સદર કામે આંક–૨૯ થી સાહેદ સંગીતાબેન અજમભાઈ રાઠવાનાઓને તપાસેલ છે. જેઓ તેમના પુરાવામાં જણાવે છે કે તેઓ દે. બારીઆથી છોટા ઉદેપુર બસમાં જતાં હતાં ત્યારે સાગટાળા આગળ એક ગાય ભરેલ પીકઅપ સાથે બસનો અકસ્માત થયેલ અને તેઓને ફેકચર થયેલ. તેમજ તેઓને અકસ્માત કરનાર વાહનનો નંબર ખબર નથી. જયારે સદર સાહેદની બચાવ પક્ષ દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ હકિકત કબુલ રાખે છે કે બનાવવાળી જગ્યા હાઈ વે રોડ છે અને અકસ્માત કેવી રીતે થયો તેની તેઓને ખબર નથી. આમ, સદર કામે તપાસવામાં આવેલ ફરિયાદી તથા સાહેદોની જુબાનીથી અકસ્માત થયેલ હોવાની હકિકત અને અકસ્માતમાં બસને નુકશાની થયેલ હોવાની હકિકત પુરવાર થાય છે. પરંતુ અકસ્માતવાળી પીકઅપ ગાડી આ કામના આરોપી ચલાવતાં હતાં તે હકિકત પુરવાર થતી નથી.

(૭.૨) જયારે સદર કામે આંક–૪૧ થી ત.ક.અ. સંજયભાઈ સરતાનભાઈ બારીઆનાઓને તપાસેલ છે. જેઓએ રેકર્ડ મુજબની જુબાની આપેલ છે. તેમજ ઉલટ તપાસમાં એ હકિકત કબુલ રાખેલ છે કે ફરિયાદીએ ફરિયાદમાં અકસ્માત કરનાર વાહન ચાલકનું નામ ઠામ જણાવેલ નથી. તેમજ બનાવવાળી જગ્યાએ બારીઆથી છોટા ઉદેપર જવાનો સ્ટેટ હાઈ વે રોડ છે. તેમજ એ હકિકત કબુલ રાખે છે કે આ એસ.ટી. બસના કોઈ પેસેન્જરોના નિવેદનો આ કામે લીધેલ નહી. તેમજ એ હકિકત કબુલ રાખે છે કે અટક કરેલ આરોપીની સાહેદ રૂબરૂ કોઈ ઓળખ પરરેડ કરાવેલ નહી. તેમજ એ હકિકત કબુલ રાખે છે કે ફરિયાદીની ફરિયાદ મુજબ ઓવરટેક કરતાં અકસ્માત થયેલ હોવાનું જણાવતાં હોય ચોકકસ કોની બેદરકારીથી અકસ્માત થયેલ તે તેઓ કહી શકે નહી.

(૮.૧) આમ, વાહન અકસ્માતના કેસમાં અકસ્માતના બનાવમાં સંડોવાયેલ વાહન બેદરકારીથી હંકારવામાં આવેલ હતુ અને આ બેદરકારીના કારણે અકસ્માતનો બનાવ બનેલો હતો તેવું ફરિયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર કરવું પડે. એટલું જ નહી અકસ્માત સમયે અને સ્થળે અકસ્માતમાં સંડોવાયેલ વાહનના ચાલક આ કામના આરોપી હતાં તેવું પણ ફરિયાદ પક્ષે પુરવાર કરવુ પડે.

(૮.૨) આ સંદર્ભે **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિ. માલતીબેન શાહ, ૧૯૯૩(૨) જી.એલ.આર. પાના નં. ૧૬૦૦</u>** તેમજ **<u>કનૈયાલાલ અરજણદાસ વિ. ત્રિભુવનદાસ દેવસીલાલ ૧૯૯૭(૨) જી. એલ. એચ. ૮૬૪</u>** તેમજ **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિ. મોહંમદ શરીફ ૨૦૦૭(૩) જી.એલ.એચ. ૫૬૧</u>** ના ચુકાદાઓમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે જયાં સુધી આરોપીની બેદરકારી પુરવાર ન થાય તેમજ આચરવામાં આવેલ કૃત્ય બેફામપણે તેમજ બેદરકારીપુર્વક આચરવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં આરોપીને સજા કરી શકાય નહી. આ ચુકાદામાં ઠરાવવામાં આવેલ સિધ્ધાંત હાલના કેસને પણ સંપુર્ણપણે લાગુ પડે છે.

(૮.૩) વધુમાં, આ સંદર્ભે **<u>નાથુલાલ વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન ૨૯૯૮ ક્રિમીનલ લો જનરલ પાના ન . ૩૮૬૧(રાજસ્થાન)</u>** ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે આરોપી વાહન ચલાવતાં હતાં તેમજ તે વાહન ખુબ ઝડપથી ચલાવતા હતાં તેવો પુરાવો ઉપલબ્ધ હતો. પરંતુ સદર વાહન બેદરકારીપુર્વક ચલાવતાં હોય તેવો પુરાવો આવતો ન હતો અને આરોપી વાહન પુરઝડપે ચલાવતાં હતાં તેટલો પુરાવો આરોપીને સજા કરવા પર્યાપ્ત ગણી શકાય નહી. ગુનામાં રહેલ બેદરકારીના તત્વો માટે અનુમાન કરી શકાય નહી તેમજ બેદરકારી પુરવાર થવી જોઇએ. આ કલમમાં વર્ણવવામાં આવેલ બેદરકારીના કુત્યમાં બેદરકારીની માત્રા ઉંચી હોવી જોઇએ. વધુમાં **<u>મોહંમદ અજમુદ્દીની વિ. સ્ટેટ ઓફ આંધ્ર પ્રદેશ એ.આઇ.આર. ૨૦૦૦( સુપ્રિમ કોર્ટ) પાના નં. ૨૫૧૧</u>** માં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે જયારે આ કલમ હેઠળ આરોપી સામે કામ ચલાવવામાં આવે ત્યારે આરોપીની બેદરકારીની માત્રા કેટલી હતી તે ધ્યાને લેવી જોઇએ તેમજ આરોપી પોતાનું વાહન બેફામપણે તેમજ બેદરકારીપુર્વક ચલાવતાં હતાં તેમજ તે બેદરાકરી નિવારવા માટે આરોપી સક્ષમ હતાં તેમજ આરોપીએ સાવચેતી રાખી હોત તો અકસ્માત નિવારી શકયો હોત તેવી હકીકત પુરવાર થાય તો જ આરોપીને આ કલમ હેઠળ સજા થાય. આ કામમાં ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલો પુરાવો જોતાં અકસ્માત સમયે તેમાં સંડોવાયેલ વાહન બેદરકારીથી હંકારવામાં આવતું હતુ અને આ કામના આરોપી આ વાહનના ચાલક હતાં તેવું નિઃશંકપણે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ જાય છે. આથી આ બંને ઓથોરીટીવાળા ચુકાદાઓમાં ઠરાવવામાં આવેલ સિધ્ધાંત આ કેસમાં પણ સંપુર્ણપણે લાગુ પડે છે.

(૦૯) જયારે આરોપી વિરૂધ્ધ ઇ.પી.કો. કલમ–૨૭૯ સબબના આક્ષેપ કરવામાં આવેલ હોય ત્યારે ફરિયાદ પક્ષે પ્રથમ આરોપીની ઓળખ પ્રસ્થાપિત કરવી જરૂરી છે, તેમજ આરોપીનું બેદરકારી પુર્વકનુ અથવા આરોપીએ પુરઝડપે વાહન હંકારીને અકસ્માત કરેલ છે તેવું

વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે. આમ, ફરિયાદ પક્ષ આ કામના આરોપીએ પોતાના કબજાના વાહનને ગફલતભરી રીતે તેમજ બેદરકારીપુર્વક ચલાવી અકસ્માત કરેલ હોય તેવું પ્રસ્થાપિત કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. વધુમાં આ તમામ સાહેદોનો પુરાવો વંચાણે લેવામાં આવે તો ગાડીની ઝડપ સબબ તથા બેદરકારી સબબ તથા આરોપીની ઓળખ બાબતે કોઇ સચોટ કે ચોકકસ પુરાવો આપેલ નથી. આમ, તે રીતે તહોમતદાર વિરૂધ્ધના આક્ષેપો વ્યાજબી શંકાથી પર રીતે પુરવાર થઇ શકતાં નથી. વધુમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ તથા મરણોતર પંચનામુ જોતાં અકસ્માતમાં થયેલ હોવાની હકીકતને માત્ર સમર્થન પ્રાપ્ત થઇ શકે છે પરંતુ આ અકસ્માત આ કામના આરોપીએ કરેલ હોવાનું કે આરોપીની બેદરકારી અથવા તો પુરઝડપ ભર્યા ડ્રાઇવીંગના કારણે થયેલ હોવાનું પુરવાર થઇ શકતું નથી.

(૧૦) આમ, આ કામના આરોપી સામે આક્ષેપાયેલ ગુનો ફરિયાદ પક્ષ શંકાથી પર સાબિત કરી શકેલ ન હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

- આ કામના આરોપીને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૪૨૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩,૧૮૧, ૧૯૬ મુજબના ગુનાના કામે શંકાનો લાભ આપી નીર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.
- કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૪૩૭(એ) મુજબ આરોપીએ આપેલ જામીન ૬ મહિના સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ-૨૩મી, માહે-જુન, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : દેવગઢ બારીઆ.**
**તારીખ: ૨૩/૦૬/૨૦૨૬**

**(સેતુલ રણછોડભાઇ વકીલ)**
**જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**દેવગઢ બારીઆ,**
**જજ કોડ નં. જી.જે. ૦૧૫૩૭**